

# ન્યૂયોર્કમાં ઈસ્ટરની ભવ્ય પરેડ યોજાઇ

ન્યૂયોર્કવાસીઓએ રવિવારે મેનહટ્ટનમાં ઈસ્ટર પરેડ અને બોનેટ ફેસ્ટિવલ દરમિયાન પોતાની ઈસ્ટર કૃતિઓ અને રંગબેરંગી પોશાકોનું પ્રદર્શન કર્યું હતું. આ પરેડ સવારે 10 વાગ્યે શરૂ થઈ હતી અને મિડટાઉનમાં 49મા સ્ટ્રીટથી 57મા સ્ટ્રીટ સુધી ફિફ્થ એવન્યુ પર વિસ્તરી હતી, જ્યાં સેન્ટ પેટ્રિક કેથેડ્રલની આસપાસ ભીડ એકઠી થઈ હતી. 1870ના દાયકાથી ચાલી આવતી આ પરંપરામાં રંગબેરંગી અને ભવ્ય પોશાકો અથવા શણગારેલી ટોપીઓ પહેરેલા લોકોની વિશાળ મેદની ઉમટી પડે છે. આ એક અનૌપચારિક પરેડ છે જેમાં કોઈ ટિકિટની જરૂર હોતી નથી અને તેમાં કોઈ ઔપચારિક સરઘસ હોતું નથી; તે માત્ર લોકોને તેમના શ્રેષ્ઠ રવિવારીય પોશાક અથવા સર્જનાત્મક થીમ આધારિત કપડાં પહેરીને આ માર્ગ પર ચાલવા માટે આમંત્રિત કરે છે. બ્રુકલિન સ્થિત કલાકાર કેસી સોબેલે 'ગોથમિસ્ટ'ને જણાવ્યું હતું કે તે વર્ષોથી આ કાર્યક્રમમાં ભાગ લે છે અને આ દિવસે પ્રદર્શિત કરવા માટેની પોતાની કૃતિઓ તૈયાર કરવામાં મહિનાઓ વિતાવે છે. તેણીએ આ આઉટલેટને જણાવ્યું હતું કે, તે લોકોના એક સુંદર સમુદાય જેવું લાગે છે કારણ કે આપણે બધા ત્યાં કોઈ સ્પર્ધા વિના, નવી અને રસપ્રદ રીતે પોતાની જાતને અભિવ્યક્ત કરવા માટે એકઠા થયા હોઈએ છીએ.

# 53 વર્ષ બાદ માનવી ચંદ્રના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રમાં પહોંચ્યો

**નાસાના** આર્ટેમિસ-II મિશન તોડશે એપોલો-13નો રેકોર્ડ; 4 અવકાશયાત્રીઓ પૃથ્વીથી 4.06 લાખ કિમી દૂર પહોંચ્યા

**ટૂંક** સમયમાં ચંદ્રની આજુબાજુ પરિક્રમા શરૂ કરશે, ચંદ્રની પાછળની બાજુએથી પણ પસાર થશે



મિશનના પાંચમા દિવસે ઓરિયન અવકાશયાનની બારીમાંથી આર્ટેમિસ IIના ક્રૂ મેમ્બર દ્વારા લેવામાં આવેલો ચંદ્રનો એક નજારો.

કેપ કાનાવેરલ, તા. ૬: ૫૩ વર્ષથી અવકાશી સાહસ કરનાર દરેક માનવી આકાશના એક એવા સાંકડા પટ્ટામાં રહીને કાર્ય કરી રહ્યો છે જે બ્રહ્માંડની વિશાળ સપાટીને માંડ સ્પર્શે છે. પરંતુ ૬ એપ્રિલના રોજ આ સ્થિતિ બદલાઈ ગઈ, જ્યારે આર્ટેમિસ-II ના ચાર અવકાશયાત્રીઓ ચંદ્રના ગુરુત્વાકર્ષણ પ્રભાવ હેઠળના ક્ષેત્રમાં પહોંચ્યા હતા.

ડિસેમ્બર ૧૯૭૨ પછી કોઈ પણ માણસ પૃથ્વીની ભ્રમણકક્ષાની બહાર નીકળ્યો નથી. નાસાના આર્ટેમિસ-II મિશને ૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ આ અંતરાલનો અંત લાવ્યો અને ચાર વ્યક્તિઓને ઈતિહાસમાં અત્યાર સુધીના સૌથી દૂરના અવકાશ પ્રવાસ પર લઈ ગયા. આ ચાર અવકાશયાત્રીઓ પૃથ્વીથી ૪,૦૬,૭૭૩ કિલોમીટરના અંતરે પહોંચીને સૌથી લાંબા અંતરના માનવ અવકાશ પ્રવાસનો રેકોર્ડ તોડવા માટે તૈયાર છે. આ અંતર ૧૯૭૦માં એપોલો ૧૩ દ્વારા સ્થાપિત કરવામાં આવેલા રેકોર્ડ કરતા અંદાજે ૨,૫૦૦ કિલોમીટર વધુ છે. આર્ટેમિસ-II ના ક્રૂ મેમ્બર્સ ૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ભારતીય સમય અનુસાર મધ્યરાત્રિએ ૧૨:૧૫ વાગ્યે ચંદ્રની નજીકથી પસાર થવાની પ્રક્રિયા (લુનર ફ્લાયબાય) શરૂ કરશે.

આ ટીમ ચંદ્રની પાછળના ભાગમાં થઈને ચક્કર લગાવીને પૃથ્વી તરફ પરત ફરશે. તુલનાત્મક રીતે જોઈએ તો, ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પૃથ્વીથી ૪૦૦ કિલોમીટરની ઊંચાઈએ ભ્રમણ કરે છે, જ્યારે ચંદ્ર પૃથ્વીથી અંદાજે ૩,૮૪,૬૩૩ કિલોમીટર દૂર સ્થિત છે. આર્ટેમિસ-II ચંદ્રની પેલે પાર અને એવા ક્ષેત્રોમાં જશે જ્યાં એપોલો યુગ પછી કોઈ માનવી ગયું નથી.

એપોલો ૧૩નો રેકોર્ડ ૪,૦૦,૧૭૧ કિલોમીટરનો છે. આર્ટેમિસ-II પૂર્ણ તૈયારી અને હેતુ સાથે આ રેકોર્ડને આશરે ૨,૫૦૦ કિલોમીટરથી વટાવી જશે.

## આર્ટેમિસ-II ઝડપનો રેકોર્ડ પણ બનાવશે

મિશનના અંતે જ્યારે ઓરિયન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરશે, ત્યારે તેની ઝડપ અંદાજે ૪૦,૨૦૦ કિલોમીટર પ્રતિ કલાક હશે, જે પૃથ્વી પર પરત ફરતા કોઈપણ માનવયુક્ત અવકાશયાન કરતા વધુ ઝડપી હશે. પુનઃપ્રવેશ એ એવો તબક્કો છે જ્યારે અવકાશયાન અત્યંત વેગ સાથે વાતાવરણમાં પ્રવેશ કરે છે, જે હવામાં ઘર્ષણ અને દબાણને કારણે પ્રચંડ ગરમી પેદા કરે છે. ઓરિયનની હીટ શીલ્ડ લગભગ ૨,૭૬૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો સામનો કરશે, જે સૂર્યની સપાટીના તાપમાન કરતા લગભગ અડધું છે, અને તેમાં યાને કોઈ પણ ભૂલ વગર ટકી રહેવું પડશે.

# સીઈસીને હટાવવા માટેની મહાભિયોગ દરખાસ્ત બંને ગૃહોએ ફગાવી

નવી દિલ્હી, તા. 6: મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા માટેની મહાભિયોગ દરખાસ્તને યોગ્ય વિચારણા કર્યા બાદ રાજ્યસભાના અધ્યક્ષ અને લોકસભાના અધ્યક્ષ બંને દ્વારા ફગાવી દેવામાં આવી છે. સભ્યોને જાણ કરવામાં આવી હતી કે, ભારતીય બંધારણની કલમ 324(5) સાથે વાંચવામાં આવતી કલમ 124(4), મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) અધિનિયમ, 2023ની કલમ 11(2) અને જજ (તપાસ) અધિનિયમ, 1968 હેઠળ રાજ્યસભાના 63 સભ્યો દ્વારા હસ્તાક્ષરિત 12 માર્ચ, 2026ના રોજની એક નોટિસ કુમારને હટાવવાની માંગ સાથે સબમિટ કરવામાં આવી હતી. તમામ સંબંધિત પાસાંઓ અને તેમાં સંકળાયેલા મુદ્દાઓના સાવધાનીપૂર્વક અને નિષ્પક્ષ મૂલ્યાંકન કર્યા પછી રાજ્યસભાના અધ્યક્ષે જજ (તપાસ) અધિનિયમ, 1968 ની કલમ 3 હેઠળ નિહિત સત્તાઓનો ઉપયોગ કર્યો અને આ પ્રસ્તાવની નોટિસને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. આ ઉપરાંત લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની વિપક્ષની નોટિસને ફગાવી દીધી હતી.

# હોર્મુઝમાંથી વધુ બે ભારતીય એલપીજી ટેન્કરો પસાર થયા

**46,650 ટન** ગેસ સાથેનું જહાજ 7 એપ્રિલે અને 15,500 ટન કાર્ગો સાથેનું જહાજ 9 એપ્રિલે ભારતીય કાંઠે પહોંચશે

**હજુ** પણ ભારતના 16 જહાજો અટવાયેલા છે જેમાં 433 ભારતીય ખલાસીઓ સવાર

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ)માં સર્જાયેલા તણાવ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. ભારતીય ધ્વજ ધરાવતા વધુ 2 એલપીજી ટેન્કરો આ ખતરનાક દરિયાઈ માર્ગને સુરક્ષિત રીતે પાર કરી ભારતીય બંદરો તરફ રવાના થયા છે.

જોકે, હજુ પણ 16 જેટલા ભારતીય જહાજો પર્સિયન ગલ્ફમાં ફસાયેલા છે.

શિપિંગ મંત્રાલયના એડિશનલ સેક્રેટરી મુકેશ મંગલે સોમવારે માહિતી આપી હતી કે, 46,650 ટન ગેસ લઈને આવતું 'ગ્રીન સાન્વી' જહાજ 7 એપ્રિલે અને 15,500 ટન કાર્ગો સાથેનું 'ગ્રીન આશા' 9 એપ્રિલે ભારતીય કાંઠે પહોંચશે. અત્યાર સુધીમાં કુલ 8 એલપીજી ટેન્કરો આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી સુરક્ષિત પસાર થયા છે.

ઈરાને યુએસ ઓપરેશન પર ઉઠાવ્યા સવાલ

# અમેરિકાનું મિશન રેસ્ક્યૂ કે ઈરાની યુરેનિયમની લૂંટ?

**ફસાયેલા** પાયલોટને બચાવવા અમેરિકાએ ખર્ચ્યા 500 મિલિયન ડોલર; ઈરાનનો દાવો- "આ તો પરમાણુ મટીરિયલ ચોરવાનું ષડયંત્ર"

તેહરાન, 6 એપ્રિલ, 2026: અમેરિકી સૈન્યએ ઈરાનમાં તોડી પાડવામાં આવેલા F-15E સ્ટ્રાઈક ઈગલ વિમાનના ગુમ થયેલા એરમેનને બચાવવા માટે અત્યાર સુધીનું સૌથી સાહસિક 'સર્ચ એન્ડ રેસ્ક્યૂ' ઓપરેશન પાર પાડ્યું છે. જોકે, ઈરાને હવે આ મિશનના હેતુ પર ગંભીર શંકા વ્યક્ત કરી છે.

5 એપ્રિલના રોજ અમેરિકાએ ઈસ્ફાહાન પ્રાંતના દક્ષિણ ભાગમાં ભીષણ લડાઈ વચ્ચે પોતાના એરમેનને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. આ મિશનમાં આશરે 500 મિલિયન ડોલર (રૂ. 4,100 કરોડથી વધુ)નો ખર્ચ થયો હોવાનો અંદાજ છે. ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા એસ્માઈલ બકઈએ આ મિશનને પાયલોટ બચાવવાને બદલે 'સંવર્ધિત યુરેનિયમ' ચોરવા માટેનું 'ડિસેપ્શન ઓપરેશન' ગણાવ્યું છે. તેમણે કહ્યું કે પાયલોટ જે વિસ્તારમાં હોવાનો દાવો હતો, તેનાથી ઘણી દૂર અમેરિકી દળોએ લેન્ડિંગનો પ્રયાસ કર્યો હતો.

અહેવાલો મુજબ, ઈરાન પાસે 400 થી 450 કિલોગ્રામ સંવર્ધિત યુરેનિયમનો જથ્થો છે, જે પરમાણુ હથિયાર બનાવવા માટે પૂરતો છે.

વોલ સ્ટ્રીટ જર્નલ' મુજબ, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પાસેથી આ પરમાણુ મટીરિયલ જપ્ત કરવા માટે ગ્રાઉન્ડ ઓપરેશન પર વિચાર કરી રહ્યા છે. ટ્રમ્પનું માનવું છે કે ઈરાન આ સામગ્રી પોતાની પાસે રાખી શકે નહીં.

પેજ 3

## 'ભૂત બંગલા'ની ઈવેન્ટમાં પ્રિયદર્શન-પરેશ રાવલ પડતાં-પડતાં માંડ બચ્યા



મુંબઈ તા.6: મુંબઈમાં સોમવારે અક્ષય કુમારની આગામી ફિલ્મ 'ભૂત બંગલા'ની ટ્રેલર લોન્ચ ઈવેન્ટ ઘણી ચર્ચામાં રહી હતી. ઈવેન્ટ દરમિયાન એક નાની દુર્ઘટના થતાં-થતાં રહી ગઈ, જ્યારે ફિલ્મના ડિરેક્ટર પ્રિયદર્શન અને અભિનેતા પરેશ રાવલ સ્ટેજ પર પડતાં-પડતાં માંડ બચ્યા હતા. જોકે, સ્થળ પર હાજર ટીમની સતર્કતાએ બંનેને સંભાળી લીધા હતા અને કોઈ મોટી દુર્ઘટના બની ન હતી. આ ઘટનાએ થોડી ક્ષણો માટે માહોલને તણાવપૂર્ણ બનાવી દીધો હતો, પરંતુ ટૂંક સમયમાં જ બધું સામાન્ય થઇ ગયું હતું. અક્ષય કુમારે માહોલ હળવો કરતાં મજાકિયા અંદાજમાં કહ્યું હતું કે, તેમની ટીમ સાથે આવી નાની-મોટી 'હોરર મોમેન્ટ્સ' તો ચાલતી રહે છે.

## કરિશ્મા તન્નાના ઘરે ગુંજશે કિલકારી: અભિનેત્રીએ શેર કર્યા પ્રેગ્નન્સીના ખુશખબર




મુંબઈ, તા. 6: અભિનેત્રી કરિશ્મા તન્નાએ તેના ચાહકોને મોટી ખુશ ખબર આપી છે. અભિનેત્રીએ સોશિયલ મીડિયા દ્વારા તેની પ્રથમ પ્રેગ્નન્સીની જાહેરાત કરી છે. તેણે તેના પતિ વરુણ બંગેરા સાથે એક ખૂબ જ સુંદર પોસ્ટ શેર કરી છે, જેમાં તેણે આ નવી સફરને 'લિટલ મિરેકલ' ગણાવી છે. આ પોસ્ટ સાથે તેણે સંકેત આપ્યો કે તેના ઘરે ઓગસ્ટ 2026માં નાનો મહેમાન આવવાનો છે. કરિશ્માએ ઇન્સ્ટાગ્રામ પર શેર કરેલા ફોટોશૂટમાં તેની પ્રેગ્નન્સીની ઝલક બતાવી હતી. આ પોસ્ટમાં કપલ ખૂબ જ ખુશ દેખાઈ રહ્યું છે અને તેમના ચહેરા પર પેરેન્ટ્સ બનવાનો ઉત્સાહ સ્પષ્ટ દેખાય છે. અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું છે - "એ લિટલ મિરેકલ ઇઝ ઓન ધ વે."

વિદ્યાર્થીઓ માટે 30 સેમેસ્ટર એક્સચેન્જ અને ૨૩ સમર સ્કૂલ પ્રોગ્રામ

# ગ્લોબલ એક્સપોઝર : પારૂલ યુનિ.ના ૩૪ દેશોની ૧૦૨ યુનિ. સાથે એમઓયુ

વડોદરા, ભારતની પ્રતિષ્ઠિત યુનિ.માં સ્થાન ધરાવતી પારૂલ યુનિ.એ ઝડપથી બદલાતા વૈશ્વિક બિઝનેસ લેન્ડસ્કેપને અનુરૂપ વિદ્યાર્થીઓને જરૂરી કૌશલ્યોથી સજ્જ કરવા, ઉચ્ચ-અભ્યાસમાં મદદરૂપ બનવા તથા તેમને ગ્લોબલ એક્સપોઝર પૂરૂ પાડવાના ઉદ્દેશ્યથી યુએસએ, ફ્રાન્સ, સ્પેન, કોરિયા, જ્યોર્જિયા સહિતના દેશોના અગ્રણી શૈક્ષણિક સંસ્થાનો સાથે ૧૦૨ સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ ઉપરાંત સમર સ્કૂલ, સેમેસ્ટર એક્સચેન્જર અને ઇન્ટરનેશનલ પાથ-વે પ્રોગ્રામ દ્વારા 10૭ વિદ્યાર્થીઓને ઓસ્ટ્રેલિયા, યુએસએ, ફ્રાન્સ, ઈટલી, યુકે, ન્યુઝીલેન્ડ, જર્મની અને રશિયાની વિવિધ યુનિ.માં અભ્યાસ કરવાની અમૂલ્ય તક મળી છે.

## ૭૫ દેશના ૬,૦૦૦થી વધુ વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે

નેક એ++ માન્યતા ધરાવતી પારૂલ યુનિ.ના પ્રોગ્રામથી વિદ્યાર્થીઓને વૈશ્વિક શૈક્ષણિક પદ્ધતિઓ, ઈન્ડસ્ટ્રી ટ્રેન્ડ્સ અને સાંસ્કૃતિક વૈવિધ્યતાને સમજવાની તક મળી છે. આ ઉપરાંત ફેકલ્ટીના સદસ્યો તેમના વિદેશની યુનિ.ના સદસ્યો સાથે મળીને નોલેજ-એક્સચેન્જ અને સહયોગી રિસર્ચને આગળ વધવા સક્ષમ બન્યા છે. બીજી તરફ હાલમાં ૭૫ દેશના ૬,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યા છે યુજીસી દ્વારા કેટેગરી-૧ યુનિ.ની ઓળખ ધરાવતી પારૂલ યુનિ.એ યુએસએની સાન ડિઆગો સ્ટેટ યુનિવર્સિટી, ફ્રાન્સની આઈએમટી બિઝનેસ સ્કૂલ, કોરિયાની યુનિવર્સિટી ઓફ સીઓલ વગેરે સાથે એમઓયુ કર્યા છે. સ્ટડી ટુર પ્રોગ્રામના ભાગરૂપે ૪૦ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી ઓફ વોલંગોંગ, યુનિવર્સિટી ઓફ દુબઈમાં અભ્યાસ કર્યો છે. સેમેસ્ટર એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ સ્પેનની યુનિવર્સિટી ઓફ ગ્રેનેડા, રશિયાની આઈએમટીઓ યુનિવર્સિટી, ઈટલીની યુનિવર્સિટી ઓફ બરગામો, યુકેની નોટિંગમ ટ્રેન્ટ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. બીજી તરફ પાથ વે પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓએ ન્યુઝિલેન્ડની મેસી યુનિવર્સિટી, ફ્રાન્સની નિઓમા બિઝનેસ સ્કૂલ, ઓસ્ટ્રેલિયાની વેસ્ટર્ન સિડની યુનિવર્સિટીની મુલાકાત લીધી છે. પારૂલ યુનિ.ના પ્રેસિડેન્ટ ડો. દેવાંશુ પટેલે જણાવ્યું હતું કે "વિશ્વના પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાનો સાથે એમઓયુ, સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ અને સહયોગથી અમે સુનિશ્ચિત કર્યું છે કે વિદ્યાર્થીઓ વિવિધ સંસ્કૃતિ, વિચારો અને અભ્યાસનું પ્રેક્ટીકલ એક્સપોઝર મેળવે. આ પહેલોથી તેમના અભ્યાસની સફર વધુ સુગમ બનવાની સાથે-સાથે તેઓ આત્મવિશ્વાસ કેળવે છે અને વૈશ્વિક સ્તરે તેમની સ્પર્ધાત્મકતામાં પણ વધારો થાય છે. અમે વૈશ્વિક નેટવર્કને સતત મજબૂત કરી રહ્યાં છીએ ત્યારે અમે દરેક વિદ્યાર્થીને વિશેષ કૌશલ્ય અને તક પૂરી પાડવા માટે કટીબદ્ધ છીએ. જે આંતરરાષ્ટ્રીય તેમની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે."

### એડમીશન, લોન, વિઝા માટે એન્ડ-ટુ-એન્ડ સપોર્ટ

વિદેશમાં અભ્યાસ કરવા અંગે વિદ્યાર્થીઓના પ્રશ્નોનો એક જ સ્થળે ઉકેલ આપવાના આશયથી યુનિ.એ ઈન્ટરનેશલ રિલેશનશીપ સેલનો પ્રારંભકર્યો છે. આ સેલના નિષ્ણાંતો વિદેશી યુનિ.માં એડમીશન, ફી, લોનની પ્રક્રિયા, વિઝા પ્રોસેસ, આઇઈએલટીએસ તથા જર્મન અને ફ્રેંચ લેંગ્વેજની પરીક્ષાઓ પાસ કરવા માટે સચોટ માર્ગદર્શન આપે છે. અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ સુવિધાનો લાભ લઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસના સપનાને સરળતાથી સાકાર કર્યું છે. તેમને ખૂબજ વ્યાજબી ફી ઉપર વિક ડે / વિકેન્ડ બેચની સુવિધા પૂરી પાડવા ઉપરાંત પારૂલ સ્ટડી એબ્રોડ સેન્ટર ખાતે એજયુકેશન લોન મેળવવા પણ સહાય કરાય છે.

### વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ૧૦૦% સ્કોલરશિપ

યુનિ.ની સ્ટડી એબ્રોડ પહેલ હેઠળ ઇરાસ્મસ+મોબિલીટી પ્રોગ્રામમાં સામેલ થનાર વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા સ્કોલરશિપ પૂરી પડાઈ છે, વધુમાં પાથ-વે પ્રોગ્રામમાં ભાગ લેતાં વિદ્યાર્થીઓને રૂ. ૫ થી રૂ. ૧૦ લાખની જંગી સ્કોલરશિપ પણ અપાઈ છે. યુનિ.ના સીઆઈઆરઆર સેલના કેન્દ્રિત પ્રયાસોથી દર વર્ષે ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને ગ્લોબલ એક્સપોઝર મળ્યું છે. અત્યાર સુધીમાં ૨૫ કર્મચારીઓ અને ૨૦૦ વિદ્યાર્થીઓને અંદાજે રૂ. ૨.૫ કરોડના મૂલ્યની સ્કોલરશિપ મળી છે. હાલમાં યુનિ.ના અંદાજે ૧૪૦૦ જેટલાં વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે.

### વિદેશ મંત્રી જયશંકર કોન્વોકેશનના મુખ્ય મહેમાન

પારૂલ યુનિ.માં વિવિધ કોર્સમાં અભ્યાસ કરતો વિદેશી વિદ્યાર્થીઓ માટે ખાસ આયોજિત આંતરરાષ્ટ્રીય દીક્ષાંત સમારોહમાં ભારતના વિદેશમંત્રી ડો. એસ.જયશંકરે ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો, જેમાં ૬૦૦ થી વધુ ગ્રેજ્યુએટ્સે ડિગ્રી પ્રાપ્ત કરી હતી. આ ભવ્ય સમારોહમાં ૨૭૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ, ૧૦૦ થી વધુ ગૌરવશાળી માતા-પિતા, ૨૦ વિદેશી અધિકારીઓ, મહાનુભાવો સાથે મોટી સંખ્યામાં આમંત્રિતો ઉપસ્થિત રહ્યાં હતાં. હાલમાં યુનિ.માં નેપાળ, ઝિમ્બાબ્વે, બાંગ્લાદેશ, તાન્ઝાનિયા, ભૂટાન, ઘાના, મ્યાનમાર, યુગાન્ડા, મોરેશિયસ સહિતના દેશોના વિદ્યાર્થીઓ વિવિધ શાખામાં અભ્યાસ કરી રહ્યાં છે, જે ભારતને વિશ્વભરમાં શિક્ષણ માટે શ્રેષ્ઠ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્થાપિત કરવાના પ્રયાસોમાં યુનિ.નું નોંધપાત્ર યોગદાન સૂચવે છે.

# અમેરિકામાં મેડિકલ ફ્રોડ: ગુજરાતી ડોક્ટરને રૂ. 117 કરોડનો દંડ

**એટલાન્ટાના** ડો. જીતેશ પટેલે બિનજરૂરી ટેસ્ટ અને ખોટા બિલો દ્વારા કરી હતી છેતરપિંડી; વ્હિસલ-બ્લોઅરને મળશે ઈનામ






વોશિંગ્ટન, તા. 6: અમેરિકાના એટલાન્ટામાં સ્થિત 'એડવાન્સ્ડ યુરોલોજી' સંસ્થા અને તેના ભારતીય મૂળના ડોક્ટર જીતેશ પટેલે મેડિકલ ફ્રોડના આરોપો હેઠળ 1.4 કરોડ ડોલર (આશરે 117 કરોડ રૂપિયા) ચૂકવવા સંમતી દર્શાવી છે.

અમેરિકી ન્યાય વિભાગના જણાવ્યા અનુસાર, ડો. પટેલ અને તેમની સંસ્થા પર બિન જરૂરી મેડિકલ પ્રક્રિયાઓ કરી સરકાર અને દર્દીઓ સાથે છેતરપિંડી કરવાનો આરોપ હતો.

આ કૌભાંડનો પર્દાફાશ સંસ્થાના બે ભૂતપૂર્વ કર્મચારીઓ (વ્હિસલ-બ્લોઅર) દ્વારા કરવામાં આવ્યો હતો. તપાસમાં બહાર આવ્યું કે ડો. પટેલ લગભગ દરેક નવા દર્દી પર અત્યંત આક્રમક અને બિનજરૂરી ટેસ્ટ કરતા હતા. તેમાં એવા ઇન્જેક્શન અને ઈલેક્ટ્રિક સિગ્નલ ટેસ્ટ સામેલ હતા જેની સામાન્ય રીતે જરૂર હોતી નથી. આ ઉપરાંત, જે સર્જરી ક્યારેય કરવામાં જ નહોતી આવી તેનું બિલ પણ મેડિકલ વીમા કંપનીઓ પાસે વસૂલવામાં આવતું હતું.

એફબીઆઇ અને અન્ય એજન્સીઓની તપાસ મુજબ, આ સંસ્થા દર્દીની સારવાર કરતા નફાને વધુ મહત્વ આપતી હતી. સામાન્ય પ્રક્રિયાઓને પણ જટિલ સર્જરી તરીકે દર્શાવીને વધુ પૈસા પડાવવામાં આવતા હતા. જોકે, આ સેટલમેન્ટ માત્ર નાગરિક વિવાદ ઉકેલવા માટે છે અને ડોક્ટરે પોતાની ભૂલનો ઔપચારિક સ્વીકાર કર્યો નથી. આ દંડની રકમમાંથી છેતરપિંડીની જાણ કરનાર બંને વ્યક્તિઓને અંદાજે 29.4 લાખ ડોલર ઈનામ પેટે આપવામાં આવશે.

# કોલ્ડ સ્ટોરેજ માટે જરૂરી એમોનિયા ગેસના ભાવમાં બમણો વધારો

**એમોનિયા** ગેસનું 7200 રૂપિયાનું સિલિન્ડર 15,000નું થયું

**ઉત્તર** પ્રદેશના કેટલાંક જિલ્લાઓમાં બટાકાના સંગ્રહ પર જોખમ તોળાયું

નવી દિલ્હી, તા. 6: અમેરિકા-ઇઝરાયેલ-ઈરાન યુદ્ધની અસર હવે ખાદ્ય સુરક્ષા અને કૃષિ અર્થતંત્ર પર જોવા મળી રહી છે. પેટ્રોલ-ડીઝલ બાદ હવે કોલ્ડ સ્ટોરેજ ઉદ્યોગમાં વપરાતા એમોનિયા ગેસના ભાવમાં બમણો વધારો થયો છે.

ઉત્તર પ્રદેશના અલીગઢથી વારાણસી સુધીના આશરે 2500 કોલ્ડ સ્ટોરેજ આ ભાવવધારાથી પ્રભાવિત થયા છે. અલીગઢમાં એમોનિયા ગેસનું 60 કિલોનું જે સિલિન્ડર પહેલા 7,200 રૂપિયામાં મળતું હતું, તેનો ભાવ હવે 15,000 રૂપિયા સુધી પહોંચી ગયો છે.

# હિમવર્ષા અને ભારે વરસાદની આફત: સિક્કિમમાં 1500 પ્રવાસીઓ ફસાયા

ભોપાલ/લખનઉ/શિમલા/દેહરાદૂન, તા. 6: સિક્કિમના મંગન જિલ્લામાં રવિવારે લાચેન-ચુંગથાંગ રોડ પર ભારે વરસાદ અને હિમવર્ષા થઈ હતી. જેના કારણે ભૂસ્ખલન પણ થયું હતું અને રસ્તામાં મોટી તિરાડો પડી ગઈ છે. અહીં 1500 પ્રવાસીઓ ફસાયેલા છે. અહીં આજે સવારથી જ પ્રવાસીઓનું રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. બીજી તરફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ઉત્તર ભારતના હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. ઉત્તરાખંડના કેદારનાથ ધામમાં સતત ત્રીજા દિવસે હિમવર્ષા થઈ હતી. જ્યારે ઉત્તરકાશી અને ચમોલી સહિત 8 જિલ્લાઓમાં વરસાદની સાથે કરા પડ્યા હતા. રાજસ્થાનમાં સોમવારે બપોર પછી શ્રીગંગાનગરમાં વરસાદ પડ્યો હતો, જ્યારે સીકરમાં તેજ વાવાઝોડું આવ્યું હતું.

# ઈરાન સોશ્યલ મીડિયા પર ટ્રમ્પની ભારે ઠેકડી ઉડાવી રહ્યું છે

**વિશ્વભરના** દેશોના ઇરાની દૂતાવાસો મીમ્સ મૂકી રહ્યા છે

લંડન, તા. ૬: જેમ જેમ ઈરાન અને અમેરિકા વચ્ચેનું યુદ્ધ તેના બીજા મહિનામાં પ્રવેશ્યું છે, તેમ તેહરાને વધુ એક મોરચો ખોલ્યો છે: જે રણમેદાનમાં નહીં, પરંતુ સોશિયલ મીડિયાની ટાઈમલાઈન પર રમાઈ રહ્યો છે.

માર્ચના અંતથી એપ્રિલની શરૂઆત સુધી, વિવિધ ખંડોમાં આવેલા ઈરાની દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને નિશાન બનાવીને મીમ્સ, કટાક્ષ અને વ્યંગાત્મક ટિપ્પણીઓનો મારો ચલાવવાનું શરૂ કર્યું છે, જે સંઘર્ષ અંગેના તેમના દાવાઓ પર રીઅલ-ટાઇમમાં પ્રતિક્રિયા આપી રહ્યા છે. 30 માર્ચના રોજ, દક્ષિણ આફ્રિકામાં ઈરાનના દૂતાવાસે એક ઈરાની હુમલામાં અમેરિકી દેખરેખ વિમાન તોડી પાડવામાં આવ્યું હોવાના અહેવાલો પછી, અમેરિકાના દાવાઓની મજાક ઉડાવતી પ્રથમ વ્યાપકપણે શેર થયેલી તસવીરો પોસ્ટ કરી હતી. સખત રીતે નુકસાન પામેલા વિમાનને પક્ષી સ્વરૂપમાં બતાવીને અમેરિકાના એવા દાવાની ઠેકડી ઉડાવાઈ હતી કે મામૂલી નુકસાન જ થયું છે! 1 એપ્રિલ સુધીમાં, આ મેસેજિંગ વધુ સીધું અને તીખું બન્યું હતું.

મુંબઈમાં ઈરાનના કોન્સ્યુલેટ જનરલે તેહરાનમાં "નવા શાસન" ના ટ્રમ્પના દાવા પર પ્રતિક્રિયા આપતા તેને 'એપ્રિલ ફૂલ' જોક ગણાવ્યો હતો. ત્યારપછીના બે દિવસોમાં, આ શૈલી અને ફોર્મેટ નાઈજીરિયા અને ટ્યુનિશિયાથી લઈને યુરોપિયન પોસ્ટ્સ સુધીના અન્ય ઈરાની મિશનોમાં ફેલાઈ ગઈ.

ધી સર્વોદય સહકારી બેન્ક લિ.
રજી. ઓફિસ :- "શ્રીનિધિ", ખાંડ બજાર, વરાછા રોડ, સુરત-૩૯૫ ૦૦૬.
સ્થાપના : ૧૯૮૨
-:: આમંત્રણ ::-
બેન્કની ૧૦મી જહાંગીરાબાદ શાખાના શુભારંભ પ્રસંગે આપસૌ સભાસદશ્રીઓ, ગ્રાહકશ્રીઓ, શુભેચ્છકશ્રીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.
-:: ઉદ્ઘાટક ::-
માનનીયશ્રી પંકજભાઈ કાપડીયા
-:: સમય ::- સવારે ૧૦.૩૦ કલાકે
-:: તારીખ ::- ૦૭.૦૪.૨૦૨૬
-:: સ્થળ ::-
૧, ગોપાલ પાર્ક સોસાયટી, સંધ્યા વંદન સોસાયટી સામે, મિની વિરપુર પાસે, પાલનપુર જકાતનાકા, સુરત.
યોગેશ જે. પરીખ પ્રમુખ
ધિરેન પી. શાહ ઉપ પ્રમુખ
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટ